**ફો.પ.અ.નં.૩૪૦૩/૨૦૨૩, મેઘાણીનગર પો.સ્ટે.પાર્ટ સી ગુ.રજી.નં.૧૧૧૯૧ ૦૩૩૨૩૦૩૨૪/૨૦૨૩,પ્રોહી એકટની કલમ ૬૫(એ)(એ), ૮૧ મુજબના કામે આરોપી કલ્પેશ ચંદુભાઈ પટેલની જામીન અરજી લગત હુકમ.**

(૧) હાલના કામે આરોપીને સદર ગુનાના કામે અટક કરી રજુ કરતાં, આરોપીને પુછતાં આરોપીને પોલીસ તરફથી કોઈ શારીરિક મારકુટ કે ત્રાસની ફરિયાદ નથી તેવું જણાવેલ છે.

(૨) આરોપી તરફે આજરોજ જામીન અરજી રજુ કરતાં જામીન અરજી વંચાણે લીધી. આરોપીના વિ.વ.શ્રીને તથા વિ.એ.પી.પી.શ્રીને સાંભળ્યા, ફરિયાદ તથા કેસ પેપર્સ વંચાણે લીધા.

(૩) અરજદાર/આરોપીના વિ.વ.શ્રીએ રજુઆત કરેલી છે કે, અરજદારે ફરિયાદમાં જણાવેલ કોઈ ગુનો કરેલ નથી અને ખોટી રીતે આ ગુનામાં સંડોવી દેવામાં આવેલ છે. તેમજ અરજદાર સ્થાનિક રહેવાસી છે અને કયાંય નાસી, ભાગી જાય તેમ નથી અને નામ.કોર્ટ ફરમાવે તે તમામ શરતોનું પાલન કરવા ખુશી હોવાનું જણાવી જામીન ઉપર મુકત કરવાની રજુઆત કરેલ છે.

(૪) જયારે, શ્રી સરકાર તરફે વિ.એ.પી.પી.શ્રીએ રજુઆત કરતાં જણાવેલ છે કે, આ કામના આરોપીએ ગંભીર પ્રકારનો ગુનો કરેલ છે અને અરજદારની અરજીનો સખ્ત વિરોધ કરેલ છે અને અરજી રદ કરવા રજુઆત કરેલી છે.

(૫) આ કામે, પોલીસ પેપર્સ તથા બંને પક્ષકારોની રજુઆતોનું મૂલ્યાંકત કરીએ તો, આ કામે આરોપી તરફે કરેલ રજુઆત ધ્યાને લેતાં તથા ફરિયાદની હકીકત વંચાણે લેતાં ફરિયાદમાં કરેલ આક્ષેપોની ગંભીરતા ધ્યાને લેતાં તેમજ કેસ પેપર્સ ધ્યાને લેતાં આરોપીનો આ પ્રથમ ગુનો હોઈ, આ કામના આરોપી વિરુધ્ધ આક્ષેપાયેલ ગુનાની સજાની જોગવાઈને ધ્યાને લેતાં તેમજ આ કામના આરોપી સ્થાનિક રહેવાસી છે અને કયાંય નાસી, ભાગી જાય તેવા નથી અને નામ.કોર્ટ ફરમાવે તે તમામ શરતોનું પાલન કરવા ખુશી હોવાનું જણાવેલ છે. તેવા સંજોગોમાં જામીન મુકિત અંગેના નામ.વડી અદાલતો અને સર્વોચ્ચ અદાલતના ચુકાદા, ધારા ધોરણો અને કેસની હકીકત અને ગુનાની ગંભીરતા અને ટ્રાયલ દરમિયાન આરોપીની હાજરી વગેરે હકીકતોને ધ્યાને લેતાં સદર કોર્ટને રહેલ જામીન મુકિત

અંગેના અધિકારો ધ્યાને લઈ અરજદારની અરજી મંજુર કરવાના નિર્ણય ઉપર આવી નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**-: હુ ક મ :-**

હાલની અરજી દરેક અરજદાર/આરોપીની જામીન અરજી મંજુર કરવામાં આવે છે.

આ અરજીના દરેક અરજદાર / આરોપીએ રૂા. ૧૫,૦૦૦/- (અંકે રૂપિયા પંદર હજાર પુરા) ના જામીન તથા તેટલી જ રકમના જાત જામીન આપ્યેથી સદર ગુનામાં નીચેની શરતોને આધિન જામીન ઉપર મુકત કરવાનો હુકમ કરવામાં આવે છે.

**-::શરતો::-**

(૧) અરજદાર/આરોપીને ત.ક.અધિકારીશ્રી જયારે અને જયા બોલાવે ત્યાં અને ત્યારે તપાસની કાર્યવાહીમા સાથ અને સહકાર આપવો.

(૨) અરજદાર/આરોપીએ આ કામના સાહેદોને પ્રલોભનો આપી ફોડવાનો પ્રયત્ન કરવો નહીં કે ફરિયાદપક્ષના પુરાવા સાથે કોઈ ચેડા કરવા નહીં.

(૩) અરજદાર/આરોપીએ દર મહીનાની પહેલીથી પંદર તારીખ સુધીમાં કોઈપણ એક દિવસે સવારના કલાક : ૯/૦૦ થી ૨/૦૦ દરમિયાન આ ગુનાનું ચાર્જશીટ રજુ ના થાય ત્યાં સુધી સબંધીત પો.સ્ટે.માં હાજરી પુરાવવી.

(૪) અરજદાર/આરોપીએ ટ્રાયલના અંત સુધી દરેક મુદતે નિયમીત કોર્ટમાં હાજરી પુરાવવી અને જો તેમ કરવામાં કસુર કરશે તો આપોઆપ તેમના જામીન રદ્દ થયેલા ગણાશે.

(૫) અરજદાર/આરોપીએ ફરીથી આવા પ્રકારના કોઈપણ ગુનામાં સંડોવાવવું નહીં.

હુકમ આજ રોજ તા.૧૫/૦૫/૨૦૨૩ના રોજ ખુલ્લી અદાલતમાં જાહેર કર્યો.

તા.૧૫/૦૫/૨૦૨૩.
સ્થળ:-અમદાવાદ.

(સુનંદા પ્રશાંત દુલેરા)
એડી.ચીફ.મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ,
કોર્ટ નં.૧૩.અમદાવાદ.
કોડ નં. જીજે.૦૮૮૭.